## વકતૃત્વ સ્પર્ધા

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પ્રદર્શિત કરે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે, યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો પસંદ કરવા.
- સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિ કોઈ પણ વિષયમાં ભાગ લઈ શકશે, પરંતુ વ્યવસ્થાપકને તેની જાણ સ્પર્ધાના ૪ કલાક પહેલા કરવાની રહેશે.
- મૂલ્યાંકનમાં ભાષા, છટા, વિષય પર સંશોધન વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.